# ભૂમિકા

થોડા દિવસ પહેલાં કબાટના ખૂણામાંથી એક નાની કોથળી નીકળી. સત્તરેક વર્ષથી એ ઘરમાં હતી અને કોઈ-કોઈ વાર, બીજી કોઈ વસ્તુઓ કે કાગળોની શોધ દરમિયાન વચ્ચે આવતી. ત્યારે હું એનો આગ્રહ સમજી શકેલો નહીં તેથી એક દૃષ્ટિ નાખીને પાછી મૂકી દેતો. જૂના કાગળોના નિકાલનું અભિયાન ચાલતું હોય ત્યારે એ કોથળાને પણ અગ્નિને હવાલે કરવાનો વિચાર આવતો. આવાં સંભારણાં સાચવી રાખીને શું કરવાનું? આ વખતે કદાચ મનની સ્થિતિ જુદી હશે તેથી એને પાછી મૂકી દીધી નહીં. પલાંઠી મારીને નીચે બેઠો અને કોથળી ઊંધી કરી.

ઘણી ચિત્રવિચિત્ર વસ્તુઓ હતી. બૅન્ક ઑફ સ્કૉટલૅન્ડની પાસબુક, યુનિવર્સિટી ઑફ એડિનબરાની લાઈબ્રેરીના સભ્યપદનું કાર્ડ, બ્રિટિશ કાઉન્સિલનાં શ્રીમતી ઓડ્રી નેપિયરના પત્રો, કાગળની ચબરખી ઉપર કોઈનું સરનામું, અંગ્રેજી અને રશિયનમાં વિઝિટિંગ કાર્ડ અને મુખ્ય તો એક નાની ટેલિફોન ડાયરી. એ કોથળીમાં મારા જીવનનો એક નાનો ખંડ સચવાયેલો હતો. 1990માં બ્રિટિશ કાઉન્સિલના આમંત્રણથી મારે ત્રણ મહિના માટે કમ્યુનિટી એજ્યુકેશનના કોર્સ માટે એડિનબરા જવાનું થયું હતું. છેલ્લે બે અઠવાડિયાં માટે યુનિવર્સિટી ઑફ લંડનમાં યોજાયેલ ઈસ્ટર વેકેશન કોર્સમાં હાજરી આપી હતી. કાર્યક્રમ ભરચક અને સમયપત્રક ચુસ્ત, તેથી ફરવા તથા જુદાં-જુદાં સ્થળો જોવા માટે બહુ અવકાશ નહોતો. તેમ છતાં, મિત્રો સાથે અને ક્યારેક એકલો,

થોડું ફર્યો પણ હતો. ઘણાં માણસોને મળવાનું થયું હતું.

એક નાની ટેલિફોન ડાયરી અને થોડા છૂટા કાગળો– આટલી સામગ્રીમાંથી આ આખું પુસ્તક નીકળ્યું છે એમ તો ન કહી શકાય, કારણ કે ખરી સામગ્રી તો મન અને હૃદયમાં સંઘરાયેલી હતી. અનેક નાનામોટા પ્રસંગો અને અનુભવો એવા ને એવા યાદ હતા. મારા અધ્યાપકો અને એક-બેને બાદ કરતાં બાકીના સહાધ્યાયીઓનાં નામ હું ભૂલ્યો નહોતો. થોડી મિનિટોની આકસ્મિક મુલાકાત, ખાસ સંદર્ભમાં બોલાયેલો એક શબ્દ અને બોલનારના મુખભાવ પણ સ્મૃતિમાં અકબંધ જળવાઈ રહ્યા હતા.

તેથી એમ કહી શકાય કે નાની કોથળીની સાથે સ્મૃતિનો ખજાનો પણ ઊઘડ્યો.

# પ્રવાસી પંખીઓ

વાત છે ચોત્રીસેક વર્ષ પહેલાંની, આટલા સમયમાં દુનિયા ખૂબ બદલાઈ છે.

આજની સરખામણીમાં તે વખતે પરદેશગમનનું ઘણું વધારે મહત્ત્વ હતું. પર્યટકો માટે જુદાં તારવેલાં સ્થળોએ હાથ અડાડવાના મર્યાદિત હેતુથી લંડન, પેરિસ કે રોમ જવું તે એક વાત હતી; યુનિવર્સિટીના વિદ્યાર્થી બની જે-તે દેશના માણસોની વચ્ચે એમનામાંના એક બનીને રહેવું તે તદ્દન જુદી વાત હતી. એમાં પણ ઇંગ્લૅન્ડના પ્રવાસનું માહાત્મય લગભગ ધાર્મિક કક્ષાનું હતું. તે પાવન ભૂમિમાં એક દિવસ માટે પણ પગ મૂકી આવેલો માણસ ‘ઇંગ્લિશ ક્લબ’ નામની અવકાશી સંસ્થાનો સભ્ય બની જતો.

અગાઉ આવાં કેટલાંક પ્રવાસી પંખીઓનું મેં બાઈનોક્યુલર વડે નિરીક્ષણ કર્યું હતું. મારા અંગ્રેજીના અધ્યાપકોમાંથી કોઈ કોઈને આવો લાભ મળેલો. ઊડીને પરત આવ્યા તે પછીનાં એમનાં ચરિતરનો હું સાક્ષી હતો. વર્ષોથી આપણે ઓળખતા હોઈએ એવો સીધો અને સરળ માણસ ત્રણ મહિનામાં તો, અરેબિયન નાઈટ્સની કોઈ વાર્તામાં નાખીને હલાવ્યો હોય એટલો બદલાઈ જતો. ઉનાળામાં પણ કોટ અને ટાઈનાં પીંછાં વેગળાં થતાં નહીં. પોતે જેને ઑક્સફર્ડ કે બી.બી.સી. ઉચ્ચારો માનતા હોય તે પ્રમાણે અંગ્રેજી બોલવાના પ્રયત્નમાં હોઠના એક ખૂણાને ખૂબ નીચે સુધી ખેંચવો પડતો. દરિયાકિનારાની લાંબી રખડપટ્ટી પછી તડકો ચડે ત્યારે ખિસ્સામાં થોડા કાંકરા રહે અને તે પણ ભીનાશ ગુમાવ્યા

પછી રંગવિહીન થયેલા, એમ સમય જતાં આ વિદ્વાનોની મૂડી પણ ખર્ચાઈ જતી ને મુઠ્ઠીમાં બે-ત્રણ કાંકરા રહેતા.

અહીં મારા કાનને ‘ઑફ્ટન’ એવો એક કર્કશ ખખડાટ સંભળાય છે. એક અધ્યાપકસાહેબ પાસે આ એક શબ્દ જ બચ્યો હતો અને તક મળે ત્યારે આત્મસંતોષી મલકાટ સાથે એ સ્પષ્ટતા કરવાનું ચૂકતા નહીં – ઑફન નહીં, ઑફ્ટન. જોકે વર્ગખંડની બહાર આવા પ્રવાસીઓ થોડા સમય માટે ઉપયોગી નીવડતા. સ્કૂલો અને ક્લબોમાં એમનાં પારાયણો ગોઠવાતાં, જેમાં ભોળાં મનુષ્યોને જ્ઞાન અને અનુભવીઓને મનોરંજન મળતું.

આ બધું ક્યાં સુધી ચાલે? કોઈ વાર પવનમાં એમની હૅટ ઊડી જાય, ઘોડાગાડી કે બસની હડફેટે પોતે જઈને વાડમાં પડે અને કોટ-ટાઈના લીરા થઈ જાય ત્યાં સુધી. લકવાગ્રસ્ત હોઠ પણ ત્યારે સીધો થઈ જતો. શાપમુક્ત થયા પછી એમના કુટુંબને તથા ઊંડે ઊંડે એમને પોતાને પણ હાશકારો થતો હશે.

આ અનુભવોનું મારે માટે મહત્ત્વ હતું. શું ન કરવું તે વિશે પૂર્વસૂરિઓએ ઘેરી રેખાઓ આંકી આપી હતી.

■

પંખી તરીકે મારી પોતાની વાત કરવી હોય તો કહેવું જોઈએ કે મને તો હજુ પાંખો પણ નહોતી ફૂટી. પરદેશ તો દૂર રહ્યો, પોતાના દેશમાં પણ હું ઝાઝું ફર્યો નહોતો. એમ કહી શકાય કે હૃદયનાં અન્ય રોકાણોને કારણે એ વિષય જ મારા ધ્યાન બહાર ગયો હતો. સહુ રામેશ્વર અને બદરીકેદારની વાતો કરે– આ ઉનાળામાં આસામ-અરુણાચલનો વારો છે! ત્યારે હું એમને જોયા કરતો.

મારી આ મર્યાદા ક્યારેક ઉપહાસનો વિષય બનતી. મારા એક અધ્યાપક, જેમનો પ્રિય વિદ્યાર્થી હોવાનો દાવો હું કરી શકું, જે મને હાથ પકડીને પોતાને ઘેર લઈ જતા અને આગ્રહ કરીને સાથે જમવા બેસાડતા, તે એક પ્રસંગે દુખી થઈ ગયા. સ્થળ હતું કૉલેજ રોડ ઉપરની હૈદ્રાબાદ રેસ્ટોરાં. અધ્યાપકને શિષ્યો સાથે જ્ઞાનની

વાત કરવાની હોય, મોર વધારે રૂપાળો કે રવીન્દ્રનાથ ટાગોર તેવી ચર્ચા હોય, જ્યારે આ સાહેબે તો પ્રવાસનો વિષય કાઢ્યો. ગુરુ-શિષ્ય સંવાદ એકાંતમાં થયો નહીં; સાક્ષી તરીકે મારા બે-ત્રણ મિત્રો હાજર હતા. એ બધા તો બાલારામ, આબુ, નાસિક, ત્રંબક ખેડી આવેલા. બે પક્ષ પાડી એકે અજંટા-ઈલોરાની પ્રશંસા કરી, બીજાએ ગોકુળ-મથુરાની. કલબલ ચાલતી હતી તે દરમિયાનનું મારું મૌન અધ્યાપકને સૂચક લાગ્યું હશે. એ ત્રાંસી નજરે મને તપાસવા લાગ્યા.

દૃષ્ટિ વડે પૂછ્યું – તમે?

મેં એ જ ભાષામાં સદ્ય ઉત્તર આપ્યો– ના રે ના.

હવે ઈશારાની ભાષાથી ચલાવી શકાય તેમ નહોતું. એમણે બે કોણીઓ ટેબલ ઉપર ટેકવી અને આગળ નમ્યા, “મુંબઈ જોયું છે?”

મેં કહ્યું, “ના જી.”

ધારણા મેળવવા માટે એ થોડી વાર આંખો બંધ કરીને બેસી રહ્યા. પછી સ્વરને ખૂબ નીચે લઈ જઈ પૂછ્યું, “મેહાણા જોયું છે?”

એટલા પરિચયમાં પહેલી વાર એમને તળપદા પ્રયોગનો આશરો લેવો પડ્યો. સહુ હસ્યા. અલબત્ત, સૌથી વધારે હું હસ્યો. આખા પ્રસંગમાં મને શરમાવા જેવું કંઈ લાગ્યું નહીં.

તે વાતચીતના અનુસંધાનમાં પછી તો સંકડાશ અને મોકળાશના અનેક ઊલટાસૂલટા અર્થો મનમાં ઊકલ્યા. એમાંથી એક કાચું પાકું સોનેટ લખાયું જેની આટલી પંક્તિઓ યાદ છે. :

*ત્વચા, બાહુ, નૈનો, વિકસી વિકસી વિશ્વ બનતાં,*
*ગ્રહો, તારા, સૂર્યો, ધવલ સરિતા સર્વ શમતું*
*પ્રિયે, એ મેડીમાં-*
*કોઈ કહી શકે – ના મળ્યાની ભક્તિ!*